ફેબ્રુઆરી - ૨૦૨૧
અંક – ૩૨


સંપાદકીય બોર્ડ
- બી.કે. મહતો
- એસ.જે.મહેતા
- એમ.એમ.ઠક્કર


# અરુણોદય



## અનુક્રમણિકા


- સ્વભાવ
- The Maths result
- પરિશ્રમ એજ પારસમણિ
- ફોર્ડની સાદગી
- સંત વેલેન્ટાઈન
- ગઝલ
- શાળા ની પ્રવૃત્તિઓ


ડિઝાઈનઃ- એમ.એમ.ઠક્કર(મા.શિક્ષક) ૯૦૯૯૯૫૨૪૦૧

## તંત્રી સ્થાનેથી

સર્વે જીએમડીસી , જીએસઇસીએલ કર્મચારી ભાઇઓ – બહેનો , શિક્ષકમિત્રો તથા વિધાર્થીઓ. સૌને સાદર વંદન "અરૂણોદય" ફેબ્રુઆરી -૨૦૨૧ અંક-૩૨ ને આપ સર્વની સમક્ષ રજુ કરતાં ખૂબ – ખૂબ હર્ષની લાગણી અનુભવું છું.

તંત્રી સ્થાનેથી સર્વેને હું આ અરૂણોદય અંકમાં આપ દ્વારા કોઇ પણ લેખ આપવામાં આવશે તો તે સ્વીકાર્ય રહેશે. જેથી આજના આ ઓનલાઇન જમાનામાં સુંદર લેખો વાંચવા માટે અને લખવા માટે કર્મચારીઓ તથા તેમના આશ્રિતો પ્રેરિત થશે અને વધુમાં વધુ લેખો આપણે આ અંકમાં સમાવી શકીશું.

તંત્રી

# સ્વભાવ



વી.જી. રાઠોડ
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

સ્વભાવ એટલે સ્વ + ભાવ , પોતાનો ભાવ . માનવ સ્વભાવ એ એક પ્રાકૃતિક રચના છે જે જિંદગીભર માણસની સાથેજ રહે છે. કહેવાય છે કે પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય, કારણકે સ્વભાવ એ માણસના મન , બુધ્ધિ અને જ્ઞાનનું પ્રતિબિંબ છે.

સ્વભાવ તમારા અંતરમાં છુપાયેલો ભાવ છે જે તમને જુદી જુદી પ્રેરણા આપે છે . જેવી પ્રેરણા તેવો સ્વભાવ ખરાબ સ્વભાવના માણસો ક્રોધી , આળસુ , ઝઘડાળુ , જુઠ્ઠા , અદેખા , વહેમી , વેરી , જિદ્દી , ચોર , ગુંડાગર્દી ખૂની જેવી વૃત્તિ ધરાવતા હોય છે. જ્યારે સારા સ્વભાવના માણસો શાંત , આનંદી , પ્રેમાળ સમજુ , પરોપકારી , વ્યવહારુ , સતકર્મી , જ્ઞાની જેવા લક્ષણો ધરાવતા હોય છે.

દરેક વ્યક્તિના સ્વભાવમાં કોઇને કોઇ ખામી હોય જ છે , જેને થોડું પણ ઉશ્કેરવામાં આવે તો તે તરત બતાવી દે છે. મનુષ્ય અનેક સ્વભાવોથી ભરેલો છે, જેમાં થોડાં પરિબળો બદલાતાં પરિવર્તન આવી જાય છે. મનુષ્ય ધારે તો પોતાનો સ્વભાવ બદલી શકે છે , તે માટે પોતાના સ્વભાવને ઓળખવો જોઇએ. પોતાના સ્વભાવની ખામીઓને જાણવી જોઇએ,પરંતુ દરેકને એમ જ લાગે છે કે મારો સ્વભાવ સારો જ છે. આ માટે અન્યના અભિપ્રાય લેવા જોઇએ . આ પરિવર્તન વગર કોઇ જ પરિવર્તન થતું નથી . સ્વભાવની સુંદરતા એજ મનુષ્યનું સાચું માપ છે.

આપણા સ્વભાવ અને નબળાઇઓને ધ્યાનમાં રાખી આપણી જાત પર અંકુશ રાખવો જોઇએ . આપણી ઇચ્છા પ્રમાણે માણસો ન વર્તે ત્યારે કદી ગુસ્સે ન થવું , સ્વભાવમાં ધીરજ અને સચ્ચાઇ બહુ જ જરૂરી છે. આવેગો ઉપર કાબૂ રાખવો જોઇએ. જ્યારે મનમાં કોઇ વિચાર આવે ત્યારે તેના પ્રત્યાઘાત આપતાં પહેલા મન પર કાબૂ રાખો , તેના પરિણામનો વિચાર કરો . જીવ માત્ર સ્વભાવનો ગુલામ છે. સ્વભાવ પર દૃષ્ટા બની , પ્રયત્નશીલ બની અંકુશ ધરાવે છે તે જ વિજય મેળવી શકે છે.



# The Maths result



**R.K.Dash,**
**General Manager (P)**
**Lignite project, Umarsar.**

I was a bright student in my school. Needless to say that Kesinga the town where I was living was part of the most backward district of Odisha. Most of the population were either poor tribal or are affluent Marwari business man. Study was least priority for both the communities but for different reasons. In this environment less was always more. Less talented I was a bright student then at my school. Fortunately I had cracked two lower primary level scholarships then and every teacher use to think me a prospect for their school at that time.

It was the time of result declaration in class five.Sarangi sir use to be our maths teacher. Till time I had scored highest in all other subjects and was expecting a good score in Math as well. Sarangi Sir was having a unique style of declaring result.He will pick up a answer sheet from the bunch placed on his table ,will declare the total mark of the student then he will merrily slap ,punch and blow the student narrating his mistakes. The hapless student appears to be a prey in a tigers den.The numbers rolled on and I listened my name when last two answer sheets were left.I was pretty confident as I use to be the class topper so I was rather expecting appreciation from my math teacher. Keeping this in mind I was moving towards the teacher's desk as if a winner .But alas to my horror something else was stored for me. A tight punch on my cheek made me realise that everything was not right. I was clueless, never was I used to such kind of treatment. Before I

could understand anything I was badly thrashed for next few minutes. I can see cheer in the face of my fellow classmates' .The message was loud and clear that you are no more privileged. After the one sided boxing session Sarangi Sir declared my Math result. It was 88/100.Not at all a bad score during nineteen eighties. Then came the real shocker .The last answer sheet was of Chinmayee Sahoo an otherwise average student and she had scored 91/100 and bagged the maths topper seat.I was still unaware "what irked my math teacher despite scoring a so decently". That was perhaps a tender age to understand the perception but now at this age when my son's rank goes down the expected level ,don't I consider it as his failure(irrespective of the score).Our generation next is carrying a huge burden of high expectancy. Parents pay attention. Celebrate the childhood.



# પરિશ્રમ એ જ પારસમણિ

શૈલેષકુમાર જયંતિલાલ મહેતા,
આચાર્યશ્રી, શ્રી એસ.કે.વી.વિધાયલય.

લોકોમાં એવી માન્યતા છે કે પારસમણિ લોખંડને સ્પર્શે તો લોખંડ સોનું બની જાય પરંતુ પારસમણિનું આ જગતમાં ક્યાંય અસ્તિત્વ નથી. એક સાચો પારસમણિ છે , એનું નામ છે પરિશ્રમ અને એ પારસમણિને શોધવાની જરૂર નથી. એ પારસમણિ આપણી પાસે જ છે. આપણે પરિશ્રમ કરીએ તો આપણને ખૂબ જ લાભ થાય છે.

ખેડુતો સતત પરિશ્રમ કરીને માટીમાંથી અનાજ પકવે છે. વ્યાપારીઓ પરિશ્રમ કરીને રૂપિયા મેળવે છે. તેમ વિધાર્થી જીવનમાં પણ પરિશ્રમનું ખૂબ જ મહત્વ છે. શરીર સ્વાસ્થય જાળવવા માટે પણ પરિશ્રમનું ખૂબ જ મહત્વ છે. સતત પરિશ્રમ કરનાર માણસ ગરીબમાંથી ધનવાન બની શકે છે. જેથી તેમને બીજા પાસે જવાની જરૂર નથી રહેતી. પરિશ્રમ કરવાથી બીજા પર આધારિત રહેવાની જરૂર રહેતી નથી.

આમ પરિશ્રમ એ ખરેખર સાચો પારસમણિ છે. પુણ્ય વિના કશું ન થાય એ હકીકત છે પણ પુણ્ય ને ખીલવવા ઘણીવાર પરિશ્રમની જરૂર પડે છે એ વાત ભુલવા જેવી નથી.



# ફોર્ડની સાદગી

પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક



દરેક વ્યક્તિની ખાસિયતો અલગ અલગ હોય છે. માનવસમૂહમાં ઘણી વ્યક્તિ ખૂબ ધનવાન હોય છતાં તે બાહય દેખાડો કરતી નથી. તેનાથી ઊલટું , ઘણાં વ્યક્તિઓ એવા પણ વધારે પ્રમાણમાં જોવા મળે છે કે જેમની પાસે હોય ઓછું છતાં વધુ પ્રદર્શન કરવાનો પ્રયત્ન કરતાં હોય છે.

વાત કરવી છે એવા મહાન વ્યક્તિની કે જેમનું જીવન High thinking and simple living જેવું હતુ.



વિશ્વના રસ્તા પર દોડતી Ford મોટર કંપનીનું નામ આપણે બધાએ સાંભળ્યું છે. હેનરી ફોર્ડ મોટર ઉધોગ ક્ષેત્રે ખૂબ નામ કમાયા હતાં છતાં પણ તે વિનમ્ર અને સાદા વ્યક્તિ હતાં.

એક જાણીતા ભારતીય ઉધોગપતિ ભારતમાં મોટરકારનું કારખાનું નાખવા ઈચ્છતા હતાં. પરંતુ તેઓ કારખાનાની શરૂઆત કરતાં પહેલાં હેનરી ફોર્ડ ના દર્શન કરવા ઈચ્છતાં હતાં. ફોર્ડ તેમને સાંજે 6 વાગ્યે મળવાનો સમય આપ્યો હતો . તે ભારતીય ઉધોગપતિ ત્યાં પહોંચ્યા તો તેમણે જોયું કે એક માણસ ખૂણામાં બેસી વાસણો સાફ કરી રહ્યો હતો . સફાઇ કર્યા બાદ એ વ્યક્તિએ પૂછયું ... "કહો , હું આપની શું સેવા કરૂ ?" હું જ હેનરી ફોર્ડ છું. ભારતીય ઉધોગપતિને ઘણું આશ્ચર્ય થયું . તેઓએ કહયું આટલું સામાન્ય કામ તમેં જાતે શા માટે કરો છો? તેનાં કરતાં એકાદ નોકરને રાખી લો તો તે આ કામ કરી આપે

હેનરી ફોર્ડ બોલ્યા, "પહેલાં હું એક સાધારણ માણસ હતો . મેં ગરીબી ખુબ નજીકથી જોઇ છે. હું મારો ભૂતકાળ ભૂલ્યો નથી. આટલો મોટો માણસ બન્યા પછી પણ હું ક્યારેય ભૂલું નહિ તેથી જ મારું કામ હું જાતે કરું છું. હેનરી ફોર્ડની અભિમાન શૂન્યતા જોઇને ભારતીય ઉધોગપતિ ખૂબ જ નવાઇ પામ્યા .

ટૂંકમાં , જેનો ભૂતકાળ કષ્ટમય હોય તેવા લોકો ખૂબ ઊંચાઇએ પહોચ્યા પછી ભલેને ખુબ સંપતિ પ્રાપ્ત કરી હોય છતાં પણ તેઓ સીમાઓનું ઉલ્લંઘન કરતાં નથી . પ્રશંસનીય છે હેનરી ફોર્ડની સાદગી .



# સંત વેલેન્ટાઇન



કુ. એન.વી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

આજકાલ વર્ષના પ્રત્યેક દિવસો કોઇ ને કોઇ નામથી ઊજવાતા રહેલા છે. ઘણી વખત ઊજવાતા એ દિવસો પાછળનું આપણને હાર્દ પણ ખબર નથી હોતી . " પીછે સે આયા ઔર આગે સે લૌટા દિયા " એ રીતે ઉત્સવો ચીલાચાલુ કે ગતાનુગતિક ઢબ થી ઊજવાતા રહયા છે.

આગામી ફેબ્રુઆરી માસની 14 મી તારીખ આવી રહી છે જે વેલેન્ટાઇન ડે તરીકે ઊજવાય છે. જે ખાસ કરીને રોમન દેશ માં ઊજવાતો તહેવાર છે. પણ આજે મોટાભાગનાં દેશો પણ ઊજવી રહયા છે ખરુ? સાચી સમજ આપણી પાસે છે ખરી? ચાલો જાણીએ .......

વેલેન્ટાઇન ડે રોમ શહેરના મહાન સંત વેલેન્ટાઇનની યાદ માં ઊજવાય છે. આ તહેવાર ની ઉજવણી પાછળ એક હૃદયસ્પર્શી રોમાંચક વાર્તા છે. રોમ દેશમાં ત્રીજી સદીમાં દુષ્ટ અને અત્યાચારી એવા ક્લાઉડીઅસ નામે રાજા હતો . તે રાજાનું એવું માનવું હતું કે પરણેલા સિપાહી કરતાં અપરણીત સિપાહી જ દેશના જંગની લડત સારી રીતે લડી શકે છે. કારણકે તેને હરપળ પોતાના પરિવારની ચિંતા હોતી નથી. એટલા માટે રાજાએ એલાન કર્યું કે રાજયનો કોઇપણ સિપાહી લગ્ન નહિ કરે અને જો કરશે તો તેને આકરામાં આકરી સજા ફરમાવવામાં આવશે .

રાજાના આ નિર્ણયથી બધા સિપાહીઓ દુઃખી હતાં . પણ નિર્દયી રાજા સામે બોલવાની કોઇની હિંમત નહોતી . પરંતુ રોમના સંત વેલેન્ટાઇન ને રાજાના આ ક્રુર નિર્ણય સામે સખત વિરોધ હતો . તેઓ છૂપીરીતે સિપાહીઓના લગ્ન કરાવવાનું ચાલુ કરેલ. ગમતી વ્યક્તિ સાથે સિપાહીના લગ્ન કરાવવામાં વેલેન્ટાઇન મદદ કરતં . વળી તેઓ ઉદાર પણ હતાં . જરૂર પડે ત્યાં પહોંચી જતાં. પરંતુ જેવી આ વાત રાજાને કાને પહોંચી કે વેલેન્ટાઇનને જેલમાં ધકેલી દીધા અને મોતની સજા ફરમાવાઇ.

જેલની અંદર વેલેન્ટાઇન પોતાના મોતની તારીખની રાહ જોઇ રહયા હતા . એવું કહેવાય છે કે સંત વેલેન્ટાઇન પાસે એવી દિવ્ય શક્તિ હતી કે જેનો ઉપયોગ કરી તેઓ રોગીને રોગ માંથી મુક્તિ અપાવતાં.

જેલર ઓસ્ટેરીઅસની દિકરી દ્દષ્ટિથી દિવ્યાંગ હતી . જેલરે વેલેન્ટાઇનને દિવ્ય શક્તિની મદદથી પોતની દિકરીને સાજી કરી આપવાની વિનંતી કરી. વેલેન્ટાઇને સાજી પણ કરી આપી . તેમની વચ્ચે સારી દોસ્તીનો સંબંધ સ્થપાયો. પણ તે અલ્પજીવી હતો.

14 ફેબ્રુઆરી નો ફાંસીનો દિવસ આવી ગયો . પોતાના મોત પહેલાં વેલેન્ટાઇને જેલર પાસે કાગળ અને પેન માંગ્યા અને જેલરની દિકરી માટે અલવિદા સંદેશ લખ્યો અને અંતે ગાઢ દોસ્તીની યાદ રૂપે "તુમ્હારા વેલેન્ટાઇન" લખ્યું .

રોમમાં આ શબ્દોને લોકો આજે પણ યાદ કરે છે. પરંતુ ખેદની વાત એ છે કે આ દિવસની ઊજવણી પાછળ વૈચારિક પરિપક્વતા કરતાં છીછરાપણું પ્રવેશે અને સંત વેલેન્ટાઇનના મૂલ્યોને યાદ કરવામાં ન આવે તો તહેવાર ખેદ જનક બની જાય તેવું બને . આંધળું અનુકરણ કરવાં કરતાં તે મહાન સંતને સમજવાનો પ્રયત્ન કરવો જોઇએ . તેમના મૂલ્યોને બિરદાવવામાં જ સાચી ઉજવણી સમાયેલી છે.

# ગઝલ



આશાબેન જોષી
મોન્ટેશરી શિક્ષક

मुश्किलों से भाग जाना आसान होता है
हर पहलू जिंदगी का इम्तिहान होता है
डरने वालों को मिलता नही कुछ जिंदगी में
पढ़ने वालों के कदमों में जहान होता है
नजर नजर में उतरना कमाल होता है
फूलों की तरह बिखरना कमाल होता है
बुलंदियों पर पहुंचना कोई कमाल नही होता
बुलंदियों पर ठहरना कमाल होता है।
सफलता एक चुनौती है इसे स्वीकार करो
क्या कमी रह गई देखकर ही सुधार होता है
कुछ किए बिना ही जय जयकार नहीं होती
कोशिश करने वालों को हराना आसान नही होता है

## શાળા ની પ્રવૃત્તિઓ









ધોરણ -૯ થી ૧૨ ની શાળા
શરૂ થતા પહેલા
શાળા સફાઈ તથા
શાળા સેનેટાઈજેશન







ઘણા લાંબા સમય બાદ

તા. ૧૧-૦૧-૨૦૨૧ થી ધોરણ -૧૦ અને ૧૨

ની શાળા

શરૂ









ઘણા લાંબા સમય બાદ

તા. ૦૧-૦૨-૨૦૨૧ થી ધોરણ -૯ અને ૧૧

ની શાળા

શરૂ





# પ્રજાસતાક દિનની ઉજવણી


















૩૦૧ દિવસ બાદ આખરે કોરોનાના 'વેકેશન'નો આવ્યો અંત

કચ્છમાં વિદ્યાર્થીઓને હોંશભેર આવકારાયા : શાળાઓમાં છવાયો ઉત્સાહનો માહોલ

હવે રાજ્યના બોર્ડ-નિગમોમાં નિમણૂકોના ભણકારા


MONDAY 11-01-2021

વાવડ

દસ મહિના પછી શાળા-કોલેજોમાં ગણગણાટ


મંગળવાર તા. ૧૨ જાન્યુઆરી, ૨૦૨૧

કચ્છમાં ધો. ૧૦-૧૨ની શાળામાં શૈક્ષણિક કાર્યનો ઉત્સાહપૂર્ણ માહોલમાં પ્રારંભ

લાલબહાદુર શાસ્ત્રીની પુણ્યતિથિએ પાલિકાએ પ્રતિમાની સફાઈ ન કરી

વિવિધ સમાચાર પત્રોમાં આપણી શાળા સરકારશ્રીના આદેશ અનુસાર શરૂ થઈ તેના સમાચાર










ટી.વી. સમાચારમાં આપણી શાળા સરકારશ્રીના આદેશ અનુસાર શરૂ થઈ તે અંગે આચાર્યશ્રી અને વિધાર્થીની ઓના પ્રતિભાવ